# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




આંકલાવ તાલુકા પંચાયતની પ્રથમ બેઠકમાં ઠરાવ રદ કરવાની તૈયારી

# કહાનવાડીની ૨૩૭ વિઘા જમીન મામલે ફરીથી રાજકારણ ગરમાયું

**તાલુકા પંચાયતની** પ્રથમ બેઠકમાં જ કહાનવાડીની જમીન રાજકોટના ગુરુકુળને ફાળવવાના અગાઉના નિર્ણયને રદ કરવા માટેની કવાયત

(પ્રતિનિધિ) આંકલાવ, તા.૧૭

આંકલાવ તાલુકા પંચાયતની તાજેતરમાં પૂર્ણ થયેલી ચૂંટણી બાદ તાલુકાના રાજકીય માહોલમાં હવે કહાનવાડી ગામની ૨૩૭ વિઘા સરકારી જમીનનો મુદ્દો ફરી ગરમાયો છે. સમગ્ર જીલ્લામાં એકમાત્ર આંકલાવ તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસે સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે. કોંગ્રેસના ૧૩ સભ્યો વિજેતા બન્યા છે જ્યારે ભાજપના ૭ સભ્યોને જીત મળી છે. નવા સત્તાધીશો દ્વારા તાલુકા પંચાયતની પ્રથમ બેઠકમાં જ કહાનવાડીની જમીન રાજકોટના ગુરુકુળને ફાળવવાના અગાઉના નિર્ણયને રદ કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

કહાનવાડી ગામની અંદાજે ૨૩૭ વિઘા સરકારી જમીનને લઈને છેલ્લા ઘણા સમયથી ચર્ચાઓ અને વિવાદો ચાલી રહ્યા છે. ગત વર્ષે આ જમીન રાજકોટ સ્થિત એક ગુરુકુળ સંસ્થાને નજીવા ટોકન દરે ફાળવવાનો નિર્ણય લેવાયો હતો. આ નિર્ણય જાહેર થતાં જ સ્થાનિક ગ્રામજનોમાં ભારે અસંતોષ ફેલાયો હતો. ગ્રામજનોએ આ મુદ્દે અનેક વખત વિરોધ વ્યક્ત કર્યો હતો અને સરકારી જમીનને આટલા મોટા વિસ્તારમાં ખાનગી સંસ્થાને ફાળવવા અંગે ઘણા વિવાદો ઉભા થયા હતા.

જોકે ગ્રામજનોનું માનવું હતું કે, ગામના વિકાસ અને સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં લીધા વિના આ પ્રકારનો નિર્ણય લેવાયો હતો. આ જમીનનો ઉપયોગ ભવિષ્યમાં સ્થાનિક વિકાસ, સરકારી યોજનાઓ અથવા ખેડૂતોના હિત માટે થઈ શકે તેમ હોવા છતાં તેને ટોકન દરે ફાળવવાનો નિર્ણય યોગ્ય ગણાય નહીં. જેના કારણે આ મુદ્દે લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી.

તત્કાલીન સમયે આ સમગ્ર પ્રક્રિયા પાછળ સ્થાનિક સત્તા પક્ષના કેટલાક નેતાઓ સંકળાયેલા હોવાની ચર્ચાઓ પણ રાજકીય વર્તુળોમાં જોરશોરથી ચાલી હતી. જોકે આ બાબતે સત્તાવાર રીતે કોઈ પુરાવા સામે આવ્યા નહોતા, તેમ છતાં સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો હતો. ગ્રામજનો તેમજ સ્થાનિક આગેવાનો દ્વારા આ નિર્ણયની પારદર્શિતા અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા.

### ૨૩૭ વિઘા જેટલી વિશાળ સરકારી જમીન નજીવા ટોકનથી આપી દેવી યોગ્ય નથી

પંથકના અગ્રણી મનુભાઈ પઢીયારે જણાવ્યું હતું કે, ગામની જમીન કોઈપણ સંજોગોમાં રાજકોટના ગુરુકુળને ફાળવવામાં આવશે નહીં. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, "આ જમીન આજે નહીં, કાલે નહીં અને ભવિષ્યમાં પણ આપવામાં નહીં આવે. જો ગુરુકુળને ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવી હોય તો જરૂરિયાત મુજબની મર્યાદિત જમીન ફાળવવા અંગે વિચાર થઈ શકે, પરંતુ ૨૩૭ વિઘા જેટલી વિશાળ સરકારી જમીન નજીવા ટોકનથી આપી દેવી યોગ્ય નથી."

## કાળઝાળ ગરમી સામે મહેનતનો જુસ્સો નાની ઉંમરે જવાબદારીનો મોટો સંદેશ



કાળઝાળ ગરમી વચ્ચે રસ્તા પર પ્લાસ્ટિકની બોટલો, કોથળીઓ અને ભંગારની ચીજવસ્તુઓ એકત્ર કરતો શ્રમજીવી પરિવારનો બાળક જીવનનો એક મૌન પરંતુ પ્રેરણાદાયી પાઠ શીખવી રહ્યો છે. જ્યારે અનેક લોકો ગરમીથી બચવા માટે છાંયડો શોધતા હોય છે, ત્યારે આ બાળક પોતાના પરિવારને આર્થિક રીતે મદદરૂપ બનવા માટે તપતા રસ્તાઓ પર મહેનતનું ચક્ર ફેરવી રહ્યો છે. નાની ઉંમરે જવાબદારીનો ભાર પોતાના ખભા પર લઈને તે પરિસ્થિતિ સામે ઝુકવાને બદલે સંઘર્ષનો માર્ગ પસંદ કરી રહ્યો છે. આ દ્રશ્ય માત્ર ગરીબી કે મજબૂરીની વાત નથી કરતું, પરંતુ જીવનમાં મહેનત, સંકલ્પ અને પરિશ્રમનું મહત્વ પણ ઉજાગર કરે છે. પરિસ્થિતિ કેટલીય વિકટ હોય, જો મનમાં હિંમત અને કામ કરવાની ઈચ્છા હોય તો દરેક પડકાર સામે લડી શકાય છે - આ તસવીર તેનો જીવંત પુરાવો બની રહી છે.

આણંદ તબીબી જગતમાં ડો. મમતા લાંબાની સિદ્ધિ

# વિશ્વની દુર્લભ 'મિડલ ટર્બિનેટ' ગાંઠ સફળતાપૂર્વક દૂર કરાઈ

**તબીબી** વિશ્વના ઇતિહાસમાં આ સ્થાને આવી ગાંઠ હોવાના માત્ર ૬ જ કેસ નોંધાયા



(પ્રતિનિધિ) આણંદ, તા.૧૭

તબીબી વિજ્ઞાનના ઈતિહાસની એક વીરલ ઘટના આણંદ ખાતે બની છે. વડોદરાના એક ૧૬ વર્ષીય કિશોરના નાકમાં જોવા મળેલી અત્યંત દુર્લભ એવી 'ઓસીફાઈંગ ફાઈબ્રોમા ઓફ મિડલ ટર્બિનેટ' (Ossifying Fibroma of Middle Turbinate) નામની ગાંઠને આણંદના ઈ.એન.ટી. સર્જન ડૉ. મમતા લાંબાએ સફળતાપૂર્વક દૂર કરી છે.

વડોદરાનો આ કિશોર છેલ્લા એક વર્ષથી નાક બંધ થઈ જવું, ભારે નસકોરા આવવા અને શ્વાસ લેવામાં પડતી તકલીફથી પીડાતો હતો. તેની આ તકલીફના કારણે તેણે અનેક નિષ્ણાત ડોક્ટરને બતાવ્યું હતુ, પરંતુ તમામ ડોકટરોએ તેને સામાન્ય મસાની તકલીફ ગણાવી હતી, કોઈપણ ડોકટરથી સાચુ નિદાન- સારવાર ના થતાં અંતે આ કિશોર એ આણંદના ઈ.એન.ટી સર્જન ડૉ. મમતા લાંબા સમક્ષ તેની તકલીફ રજુ કરી હતી. ડૉ. મમતા લાંબા એ કિશોરની વિવિધ રીપોર્ટ્સ કરાવી તેની યોગ્ય તપાસ કરતા કિશોરના CT સ્કેન રિપોર્ટમાં નાકના અંદરના હાડકાના ભાગમાં કેલ્શિયમયુક્ત સખત ગાંઠ (ઓસીફાઈંગ ફાઈબ્રોમા) હોવાનું બહાર આવ્યું હતું. જો આ ગાંઠની સમયસર સર્જરી ન થાય તો કિશોરનો ચહેરો વિકૃત થાય અથવા તો તેની આંખની દૃષ્ટિ પર કાયમી અસર પડી શકે તેમ હતી.

સામાન્ય રીતે 'ઓસીફાઈંગ ફાઈબ્રોમા' જડબાના ભાગમાં જોવા મળતી હોય છે, પરંતુ નાકના મિડલ ટર્બિનેટ જેવા ચોક્કસ ભાગમાં આ ગાંઠ હોવી તે અત્યંત વિરલ છે. અત્યાર સુધીના તબીબી વિશ્વના ઈતિહાસમાં આ સ્થાને આવી ગાંઠ હોવાના માત્ર ૬ જ કેસ નોંધાયા છે.

## RTOના સર્વરમાં ટેકનિકલ ખામી સર્જાતાં હાલાકી

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૭

નેશનલ પરીવહન પોર્ટલનું સર્વરને અપગ્રેડેશનની કામગીરી ચાલી રહી હોય આરટીઓની દૈનિક કામગીરીમાં વિક્ષેપ પડ્યો છે. છેલ્લા બે ત્રણ દિવસથી સર્વર ડાઉન રહેતા કામગીરીમાં વિલંબ થતો હોવાની ફરીયાદો ઉઠી છે. પરીવહન પોર્ટલ સર્વરમાં ટેકનિકલી ખામી સર્જાતા આણંદ જિલ્લામાં વાહન વ્યવહાર કચેરીની કામગીરીને અસર પડી છે. જેમાં વાહનચાલકો, ડીલરો, તેમજ વાહન નોંધણીની કામગીરી જેવી કે ટેક્ષ ભરપાઈ તથા અન્ય ઓનલાઈન સેવાઓ ખોરવાતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે નેશનલ ઈન્ફોમેટીક સેન્ટર દ્વારા સર્વરની કાર્યક્ષમતા વધારવા અને સુવિધાને વધુ સશક્ત બનાવવા સર્વરને નવા પ્લેટફોર્મ પર અપગ્રેડ અને સ્થળાંતર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

સ્પેશિયલ ઓડિટર દ્વારા ઓડિટ કરવામાં આવતા ૫ લાખથી વધુની નાણાકીય ગેરરીતિનો પર્દાફાશ

# સરદારપુરા રામપુરામાં મંડળીમાંથી ઉચાપતમાં ઉહોદ્દેદારોસામે ગુનો નોંધાયો

**સેક્રેટરી અને** ટેસ્ટરે લાખો રૂપિયા પોતાના અંગત કામે વાપરી નાખ્યા, ચેરમેને ગેરરીતિમાં મદદગારી કર્યાનો આરોપ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.17

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં આવેલી સરદારપુરા રામપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં 5 લાખ રૂપિયાથી વધુની નાણાકીય ઉચાપત સામે આવી છે. મંડળીના સેક્રેટરી અને ટેસ્ટરે ભેગા મળીને મંડળીના નાણાં પોતાના અંગત ઉપયોગ માટે વાપરી નાખ્યા હતા. આ સમગ્ર કૌભાંડમાં ચેરમેનની બેદરકારી અને મદદગારી સામે આવતા ડાકોર પોલીસ મથકમાં ત્રણેય સામે વિધિવત રીતે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના સરદારપુરા રામપુરા ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં વ્યવસ્થાપક કમિટીના સભ્ય તરીકે ફરજ બજાવતા રાજેશકુમાર નટવરસિંહ ચૌહાણે ડાકોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ મુજબ મંડળીના સેક્રેટરી સુમંતકુમાર નરવતસિંહ પરમાર અને ટેસ્ટર સંજયકુમાર સોમાભાઇ પરમાર દ્વારા મંડળીના નાણાંનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. 1 એપ્રિલ 2024 થી 18 નવેમ્બર 2025 સુધીના સમયગાળાનું સ્પેશિયલ ઓડિટર દ્વારા ઓડિટ કરવામાં આવતા આ સમગ્ર નાણાકીય ગેરરીતિનો પર્દાફાશ થયો હતો. ઓડિટ રિપોર્ટમાં સ્પષ્ટ થયું હતું કે સેક્રેટરી સુમંતકુમારે પોતાના હસ્તક રહેલી 2 લાખ 39 હજાર 394 રૂપિયાની રકમ અને ટેસ્ટર તથા બેંક સાથી તરીકે કામ કરતા સંજયકુમારે એફડીઓડી ખાતામાંથી ઉપાડેલા 2 લાખ 71 હજાર 213 રૂપિયા પોતાના અંગત કામ માટે વાપરી નાખ્યા હતા. આ બંનેએ મળીને કુલ 5 લાખ 10 હજાર 607 રૂપિયાની ઉચાપત કરી હતી. મંડળીના ચેરમેન રતનસિંહ સુકાભાઈ પરમારે મંડળીના બેંક ખાતામાં નિયત મર્યાદા કરતા વધુ સિલક ન ભરાવીને તેમજ કર્મચારીઓ પર અંકુશ ન રાખીને આ નાણાકીય ગેરરીતિમાં મદદગારી કરી હોવાનું પણ તપાસમાં ખૂલ્યું હતું.

આ ગેરરીતિ પકડાયા બાદ સેક્રેટરી અને ટેસ્ટરે ઉચાપત કરેલી રકમ મંડળીના બેંક ખાતામાં પરત જમા કરાવી દીધી હતી. જોકે નાણાકીય ગેરરીતિ આચરવા બદલ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડિયાદના આદેશથી સરદારપુરા રામપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ત્રણેય જવાબદાર હોદ્દેદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ડાકોર પોલીસે સેક્રેટરી, ટેસ્ટર અને ચેરમેન સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# બોરસદમાં ફિલ્મી ઢબે ₹ ૮.૪૦ લાખની રોકડ ભરેલી બેગની ચોરી

**બાઈક સવાર બે** અજાણ્યા શખ્સો સીસીટીવીમાં કેદ

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૭

ખંભાત તાલુકાના કલમસર (નવાપુરા) ગામના વતની ધર્મેન્દ્રસિંહ મનુભાઈ સિધા ડાલી ચોકડી પર હાર્ડવેરની દુકાન ચલાવે છે અને સાથે જ ડાલી, રાસ, જંત્રાલ, કઠાણા અને કંકાપુરા મુકામે હીટાચી કંપનીના પાંચ એટીએમ મશીનોનું સંચાલન અને તેમાં રોકડ ભરવાનું કામ પણ સંભાળે છે. આ માટે તેઓ બોરસદની એક્સિસ બેંકના હીટાચી કંપનીના ખાતામાંથી નાણાં ઉપાડે છે.

ગત ૧૫ મે ૨૦૨૬ના રોજ ધર્મેન્દ્રસિંહે બોરસદ એક્સિસ બેંકમાંથી કુલ ૧૬,૬૮,૭૦૦/-ની રોકડ ઉપાડી હતી. જેમાંથી તેમણે જંત્રાલમાં ૩.૪૦ લાખ, કઠાણામાં ૩.૨૦ લાખ અને કંકાપુરા એટીએમમાં ૧.૭૦ લાખ લોડ કર્યા હતા. આમ કુલ ૮.૩૦ લાખ ત્રણ એટીએમમાં ભર્યા બાદ બાકી વધેલી રકમ ૮,૪૦,૭૦૦/- ભરેલો થેલો લઈને તેઓ પોતાના ઘરે ગયા હતા. બીજા દિવસે સવારે ૮:૩૦ વાગ્યે વેપારી પોતાનો મહિન્દ્રા ટેમ્પો (નંબર જીજે-23-એટી-9042) લઈને ડાલી ચોકડી ખાતે આવેલી પોતાની હાર્ડવેરની દુકાને આવ્યા હતા. પોણા દસ વાગ્યાના સુમારે તેઓ આ રોકડ ભરેલો થેલો ટેમ્પોની ડ્રાઈવર સીટ બાજુ મૂકીને ઘરે જવા નીકળતા હતા, ત્યાં જ ખ્યાલ આવ્યો કે ટેમ્પોની ચાવી દુકાને જ રહી ગઈ છે. આથી તેઓ થેલો ટેમ્પોમાં જ મૂકીને ચાવી લેવા દુકાનની અંદર ગયા હતા. ચાવી લઈને જ્યારે તેઓ ઘરે પહોંચ્યા અને ટેમ્પો તપાસ્યો ત્યારે રોકડ ભરેલો થેલો ગાયબ હતો.

વેપારીએ તાત્કાલિક દુકાને પરત આવી કર્મચારી કલ્પેશકુમાર સિધા સાથે સીસીટીવી ફૂટેજ તપાસતા ચોરીની ચોંકાવનારી પદ્ધતિ સામે આવી હતી. ફૂટેજમાં દેખાયું કે વેપારી જેવી ચાવી લેવા દુકાનમાં ગયા, કે તુરંત જ એક અજાણ્યા ઈસમે ટેમ્પોના ડ્રાઈવર સાઈડનો દરવાજો ખોલીને રોકડ ભરેલી બેગ ઉઠાવી લીધી હતી. સામેથી જ તેનો અન્ય એક સાગરીત બાઈક લઈને આવ્યો અને બંને જણા બાઈક પર બેગ મૂકીને ડાલી ચોકડી તરફ ભાગી છૂટ્યા હતા.જે અંગે વિરસદ પોલીસે અજાણ્યા ચોર ઈસમો સામે પોલીસ ફરીયાદ નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# લુણેજની જમીનમાં ગેરકાયદે બાંધકામ દૂર કરવા આદેશ

**ભાડુઆત** દ્વારા સંબંધિત વિભાગોની પરવાનગી વગર કોમર્શિયલ બાંધકામ કર્યું

(પ્રતિનિધિ) ખંભાત, તા.૧૭

ખંભાત તાલુકાના લુણેજમાં દહેડા રોડ ઉપરના ખેતરમાં પરવાનગી વગર કોર્મશિયલ બાંધ કામ કરનાર ખેડૂતને એક માસમાં સ્વખર્ચે બાંધ કામ દૂર કરવાનો આણંદના જિલ્લા કલેક્ટરે આદેશ કર્યો છે.

ખંભાત તાલુકાના લુણેજમાં દહેડા મેઈન રોડ ઉપર રમણભાઈ દાનાભાઈ મકવાણાની સર્વે નંબર ૧૪૮ વાળી ખેતીની જમીન આવેલ છે. જેમાં રમણભાઈ દાનાભાઈ મકવાણા તથા અન્ય ખાતેદારોની નામ ચાલુ છે. આ જમીન જૂની શરતની છે.

આ જમીન રમણભાઈ દાનાભાઈ પાસેથી પ્રતાપભાઈ પરસોત્તમભાઈ રાઠોડનાઓએ ભાડા કરારથી ભાડે રાખી તેમાં સંબંધિત વિભાગોની કોઈ પણ જાતની પૂર્વ મંજૂરી કે પરવાનગી વગર કોમર્શિયલ બાંધકામ કરવામાં આવ્યું હતું.

આ અંગે અરૂણભાઈ કાભઈભાઈ ગોહિલે આણંદ જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી હતી. જે અંગે જિલ્લા કલેક્ટરે પ્રવિણ ચૌધરીએ સર્વે નંબર ૧૪૮ વાળી જમીનમાં બિન પરવાનગીથી કરેલ બિન ખેતીનું બાંધકામ એક માસમાં જાતે સ્વખર્ચે દૂર કરવા હુકમ કર્યો છે અને તેમ કરવામાં માલિક કસૂર કરશે તો મામલતદાર ખંભાતે બિન પરવાનગીનું, બીન ખેતીનું બાંધકામ દૂર કરવાનું રહેશે અને તેનો ખર્ચ ખેતર માલિક પાસેથી વસૂલવાનો આદેશ કર્યો છે.

# બોરસદ-વડોદરામાંથી ૧૬ બાઈક તથા સ્કૂટી ચોરનારો ઝડપાયો

**પોલીસે** રૂ.૧.૨૦ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૭

બોરસદ ટાઉન પોલીસે વાહન ચોરીના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે બોરસદ તેમજ વડોદરા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી કુલ ૧૬ મોટરસાયકલ અને એક પ્લેઝર સ્કૂટીની ચોરી કરનાર એક રીઢા શખ્સને ઝડપી પાડ્યો છે.

બોરસદ ટાઉન પોલીસ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, બોરસદ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલી બજાજ સીટી-૧૦૦ મોટરસાયકલ (નંબરઃ જીજે-23-ડીબી-6360) લઈને એક શખ્સ બોરસદ કે.જી. એન. હોટેલ તરફથી ધુવારણ રોડ તરફ આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક વોચ ગોઠવીને આ શખ્સને ચોરીના બાઈક સાથે રંગેહાથ ઝડપી લીધો હતો.

ઝડપાયેલા આરોપીની સઘન પૂછપરછ કરાતાં તેનું નામ સિદ્દીક ઉર્ફે આદુ હમઝા વજીરબાપુ મીર્ઝા (ઉંમર વર્ષ ૩૭, ધંધોઃ કલરકામ) હોવાનું બહાર આવ્યું છે. તે મૂળ બોરસદના ફતેપુર, રબારી ચકલા વિસ્તારનો વતની છે અને હાલ વડોદરા જિલ્લાના પાદરા ખાતે મીરા સોસાયટીમાં ભાડાના મકાનમાં રહે છે.

આરોપીની આકરી પૂછપરછ દરમિયાન તેણે વડોદરા શહેર, કમાટીબાગ, ન્યાય મંદિર, આં બલી ચાર રસ્તા તેમજ પાદરાના મોટા શાક માર્કેટ જેવા ભી ડભાડવાળા વિસ્તારોમાંથી વધુ ૧૫ મોટરસાયકલ અને એક હીરો પ્લેઝર સ્કૂટીની ચોરી કરી હોવાની કબૂલાત કરી છે.

સમગ્ર ચોરીના મામલે પોલીસે આરોપી પાસેથી હાલ કુલ ૭ મોટરસાયકલ રિકવર કર્યા છે, જેની અંદાજિત કિંમત રૂ. ૧,૨૦,૦૦૦/- થાય છે.ચોરી કરેલી એક હીરો પ્લેઝર સ્કૂટી (નંબરઃ જીજે-05-એફઆર-8702) હાલ વડોદરાના ગોરવા પોલીસ સ્ટેશન ખાતે ડિટેન થયેલી છે.આરોપીએ ચોરીના અન્ય ૩ બાઈક મોસીન નામના અજાણ્યા શખ્સને વેચી દીધા હતા.પકડાઈ જવાના ડરથી તેણે બાકીના ૫ બાઈકના સ્પેરપાર્ટ્સ છુટા પાડીને ભંગારમાં સ્ક્રેપ તરીકે વેચી દીધા હોવાનું કબૂલ્યું છે.

# ખેડામાં ૧૯૬૨ સેવાએ ૨૮,૮૬૬ પશુને નવજીવન આપ્યું

**'કરુણા એનિમલ** એમ્બ્યુલન્સ' બિનવારસી પશુઓ માટે પણ આશીર્વાદરૂપ સાબિત થઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

ખેડા જિલ્લાના પશુધન માટે '1962' સેવા સંકટ સમયની સાથી બની છે. એક જ વર્ષમાં 28,866 પશુઓને નવજીવન અપાયું છે. દર વર્ષે એપ્રિલ માસના અંતિમ શનિવારે ઉજવવામાં આવતા 'વર્લ્ડ વેટરનરી ડે' નિમિત્તે ખેડા જિલ્લામાં પશુ ચિકિત્સા ક્ષેત્રે એક પ્રેરણાદાયી અહેવાલ સામે આવ્યો છે. જિલ્લામાં કાર્યરત 1962 મોબાઈલ વેટરનરી સેવાની ટીમે છેલ્લા એક વર્ષમાં જ 28,866 જેટલા નાના-મોટા પશુઓને નિ:શુલ્ક અને તાત્કાલિક સારવાર પૂરી પાડી છે. અકસ્માતનો ભોગ બનેલા બિનવારસી પશુઓ હોય કે પશુપાલકોના પાલતુ જનાવર, ૧૯૬૨ની ટીમે સમયસર ઘટનાસ્થળે પહોંચીને પશુધનને નવજીવન આપવાનું ભગીરથ કાર્ય કર્યું છે.



ખેડા જિલ્લામાં 1962 સેવાની ટીમ માત્ર સામાન્ય બીમારી જ નહીં, પરંતુ ગંભીર અકસ્માતો, જટિલ બીમારીઓ અને પશુઓની પ્રસૂતિ જેવા કિસ્સાઓમાં પણ પશુ ચિકિત્સકોની ટીમે ઘટનાસ્થળે જઈને ઓપરેશન સહિતની જટિલ સારવાર આપી છે. આ સેવાથી પશુઓના મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે. ખેડા જિલ્લો ખેતી અને ડેરી ઉદ્યોગ સાથે ગાઢ રીતે જોડાયેલો છે. 1962 સેવામાં સૌથી વધુ ગાય અને ભેંસ વર્ગના પશુઓની સારવાર કરવામાં આવી છે. બીમાર પશુઓને મફત અને તાત્કાલિક સારવાર મળવાને કારણે પશુપાલકોને મોટું આર્થિક નુકસાન થતું અટક્યું છે, જે આડકતરી રીતે ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી આપે છે.

આ સેવા માત્ર પશુપાલકોના પશુઓ પૂરતી મર્યાદિત નથી. શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં માનવ વસવાટની આસપાસ રહેતા 6879 શ્વાન અને 454 બિલાડીઓને પણ આ ટીમ દ્વારા સમયસર મેડિકલ સહાય પહોંચાડવામાં આવી છે.

### વર્ષમાં કયા પશુઓની કેટલી સારવાર થઈ?

| | |
|---|---|
| ભેંસ | 15,262 |
| ગાય | 7,027 |
| શ્વાન | 6,879 |
| બકરીઓ | 2,233 |
| બિલાડી | 454 |
| ઘેટાં | 240 |


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
**જય એન્ટરપ્રાઈઝ**
**કિશોર પ્લાઝા,**
**આણંદ.**

**નડિયાદ**
**ઈશાન ન્યુઝ પેપર એજન્સી**
**સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ**

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**